# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીઅમદાવાદ શહેર

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨

ક્રમાંક:જિશિઅ/બોર્ડ/૨૦૨૪/૫૦૭ તા. ૨૮/૦૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ,

અમદાવાદ શહેર.

વિષય:- માર્ચ-૨૦૨૪ SSC/HSC બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ હોલટિકિટ મેળવ્યા બાદ અનુસરવાની સૂચનાઓ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા.૧૧/૦૩/૨૦૨૪ થી તા.૨૬/૦૩/૨૦૨૪ દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ (SSC) અને ધોરણ-૧૨(HSC) સા.પ્ર.અને વિ.પ્ર.ની રિપીટર/ખાનગી/પુથ્થક ઉમેદવારોની માર્ચ-૨૦૨૪ પરીક્ષા યોજાનાર છે. સદર પરીક્ષામાં આપની શાળાના વિદ્યાર્થીઓ સ્પષ્ટ અને પ્રફુલિત મનથી પરીક્ષા આપે અને તેમના જીવનમાં સફળતા મેળવે તેવા શુભ આશય સહ આપની શાળાના વિદ્યાર્થીઓને હોલ ટિકિટ આપો ત્યારે બાળકોને પરીક્ષાલક્ષી તણાવ/ચિંતાથી દૂર રહે તે અંતર્ગત વિશેષ માર્ગદર્શન આપવું અને તે સબબ નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા.

- હોલટિકિટની સંપૂર્ણ સમજ બાળકોને આપવી. તેમાં વિદ્યાર્થીનું પૂરું નામ, વિષય કોડ, વિષય, તારીખ, સમય અને પરીક્ષાના સ્થળની ખાસ સમજ આપવી.
- હોલટિકિટની ઝેરોક્ષ વિદ્યાર્થીએ પોતાના વાલીને ઘરે આપી રાખવી તેમજ ડિજિટલ સ્વરૂપે પણ ઘરે રાખવી.
- પરીક્ષા પહેલા પરીક્ષા કેન્દ્ર આપના ઘરેથી કેટલું દુર છે? તેની ચકાસણી કરી લેવી જેથી નિયત સમયે ટ્રાફિક કે અન્ય કારણો જાણી શકાય.
- પરીક્ષાર્થી હોલટિકિટ સાથે રાખે તે ખાસ સુનિશ્ચિત કરવાનું રહેશે.
- જો પરીક્ષાર્થીને એકથી વધુ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપવાની થતી હોય તો તારીખ, વાર, વિષય અને પરીક્ષા કેન્દ્રની ખરાઈ કરાવી લેવી.
- પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર ખાતે વિદ્યાર્થીએ કોઈ પણ પ્રકારનું સાહિત્ય/કાપલી, મોબાઈલ, ઈયરફોન અથવા પ્રતિબંધિત બીજાણુ ઉપકરણો જેવા કે કેમેરાવાળી ઘડિયાળ/સ્માર્ટ વોચ/ કેમેરા વાળું કેલ્ક્યુલેટર/સાયન્ટિફિક કેલ્ક્યુલેટર પરીક્ષા કેન્દ્ર ખાતે લઈ જવું નહીં.

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

E-mail Address – ahmcdeo@gmail.com

Phone:- 079-26442961